Scheme


# ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ,

ગ્રામ નિર્માણ ભવન, જુના વાડજ, અમદાવાદ-૧૩.

ફોન નં. (૦૭૯)-૨૭૫૫૧૭૦૧, ૨૭૫૫૭૧૪૧,ફેક્સ : (૦૭૯)-૨૭૫૫૭૪૪૪,


## ઉદ્દેશ અને યોજનાકિય માહિતી

- ❖ ગુજરાત રાજ્યમાં ખાદી અને ગ્રામોધોગનો વ્યાપ વધે તથા ગાંધી વિચારધારા સતત જીવંત રહે તે બોર્ડનો મુખ્ય અભિગમ રહેલો છે.માનવ શકિતનો ઉપયોગ ખાદી અને ગ્રામોધોગની ચીજવસ્તુઓના ઉત્પાદન પાછળ થાય અને ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો પુરી પાડી શકાય તે માટે પ્રદર્શન અને પ્રચાર-પ્રસાર મારફતે ખાદી અને ગ્રામોધોગની ચીજવસ્તુઓના ઉત્પાદનના વધુ વેચાણ માટે બહોળુ માર્કેટ પુરૂ પાડવું.
- ❖ ખાદી અને ગ્રામોધોગનું કામ કરતી રજીસ્ટર્ડ સંસ્થા/મંડળી તથા વ્યક્તિગત કારીગરોને બોર્ડ મારફત ચાલતી વિવિધ યોજનાઓના અમલીકરણ ધ્વારા ગ્રામ્ય કક્ષાએ નવી રોજગારી ઉભી કરવાનું તેમજ ગ્રામોધોગના વિવિધ ટ્રેડ માટે ટુંકાગાળાની તાલીમ ધ્વારા કૌશલ્ય વર્ધન અને સ્વ-રોજગારી ઉભી કરવાનું કાર્ય કરે છે.
- ❖ અંતરિયાળ વિસ્તારમાં આવેલ આદિવાસી-પછાત વિસ્તારમાં રોજગારી પુરી પાડવાનું કામ કરે છે. ગુજરાતમાં લોકોને ખાદી અને વિવિધ ગ્રામોધોગની પાયાની પ્રાથમિક માહિતી પ્રસારિત કરવામાં આવે છે.

### ખાદી ક્ષેત્રની અમલીકૃત યોજનાઓ ::-

- ❖ ખાદી, પોલીવસ્ત્રના વેચાણ ઉપર વળતર(રીબેટ) ની યોજના
- ❖ વિશેષ કંતાઈ/વણકરી અને વણાટ સાધન સહાય
- ❖ નવા ચરખા /શાળની યોજના

### ખાદી, પોલીવસ્ત્રના વેચાણ ઉપર વળતર (રીબેટ)

- ❖ રાજ્ય સરકારશ્રી ધ્વારા નક્કી કરેલ સમયગાળા માટે રાજ્યમાં ઉત્પાદિત થયેલ ખાદી, પોલીવસ્ત્રના છુટક વેચાણ ઉપર વળતર (રીબેટ) મંજુર કરવામાં આવે છે.
- ❖ ગાંધી જ્યંતિ નિમિત્તે બીજી ઓક્ટોબરથી ૩૧મી માર્ચ સુધી ૧૮૦ દિવસ માટે વેચાણ ઉપર ૧૦ ટકા વળતર આપવામાં આવે છે,તેમજ તા.૦૨-૧૦-૨૦૧૫ થી KVICના ધોરણે કારીગરોને ઉત્પાદનના ૫.% લેખે M.D.A. આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

## <u>વિશેષ કંતાઈ, વણકરી,વણાટ સાધન સહાય ::-</u>

રાજ્યમાં ખાદી સંસ્થા/મંડળીઓ મારફતે કાંતનાર તેમજ વણનાર કારીગરોને કંતાઈ તેમજ વણાટ માટે ખાદી કમિશન ધ્વારા નિયત ભાવપત્રક મુજબ ઉત્પાદિત સુતરના આંક તેમજ વણાટની જાત મુજબ વણકરી ચૂકવવામાં આવે છે. તદ્ઉપરાંત રાજ્ય સરકારશ્રી ધ્વારા નીચે મુજબની સહાય આપવામાં આવે છે.

- જનરલ તેમજ અનુસૂચિત જાતિ માટે નિયત મજૂરી ઉપરાંત આંટી ઉત્પાદન ઉપર પ્રતિ આંટી રૂ.૧/- વિશેષ કંતાઈ સહાય
- આદિવાસી કાંતનારને નિયત મજૂરી ઉપરાંત પ્રતિ આંટી રૂ.૧.૫૦ પૈસા વિશેષ કંતાઈ સહાય
- વણાટ કારીગરોને નિયંત વણકરી ઉપરાંત જનરલ તેમજ અનુસૂચિત જાતિ માટે રાજ્ય સરકારશ્રી તરફથી રૂ.૩/- પ્રતિ ચો.મી. વિશેષ વણકરી સહાય તેમજ રૂ.૧/- પ્રમાણે વણાટ સાધન સહાય
- આદિવાસી લાભાર્થીઓને વણેલ ચો.મી. ઉપર નિયત વણકરી ઉપરાંત રાજ્ય સરકારશ્રી તરફથી પ્રતિ ચો.મી. રૂ.૪/- વિશેષ વણકરી સહાય તેમજ રૂ. ૧/- વણાટ સાધન સહાય

### <u>નવા ચરખા – શાળની યોજના :-</u>

- નવી રોજગારી માટે નવા ચરખા/શાળની યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં મુકવામાં આવી છે.
  - ખાદી / પોલીવસ્ત્રનું પ્રમાણપત્ર ધરાવતી માન્ય સંસ્થાઓને બોર્ડ દ્વારા આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.
  - આ નવા ચરખા/શાળમાં સરકારશ્રી ધ્વારા ચરખા/શાળની કિંમતના (કે.વી.આઈ.સી.ના ધોરણે) પ્રતિ યુનીટ ૬૫% સહાય સંસ્થા/લાભાર્થીને આપવામાં આવે છે. જ્યારે ૩૫% રકમ સંસ્થા/લાભાર્થીએ ભોગવવાની રહે છે.
  - સરકારશ્રીએ આ યોજનામાં રૂ. ૧૦૦.૦૦ લાખ મંજુર કરેલ છે.
  - આ યોજનામાં વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કુલ ૧૦૨૫ નંગ અંબર ચરખા અને વણાટ શાળ નંગ ૫૮ ફાળવવામાં આવેલ છે. જેનાથી કુલ ૧૨૪૦ની નવી રોજગારી ઉભી થયેલ છે.

Scheme



3

## ખાદી ઉત્પાદન અને વેચાણ રોજી-રોજગારીની છેલ્લા પાંચ વર્ષની વિગત :-

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | ઉત્પાદન રૂ. | વેચાણ રૂ. | રોજગારીની સંખ્યા | ચુકવાયેલ રોજગારી રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૨૫૦૬.૧૬ | ૩૪૫૪.૦૬ | ૯૮૨૮ | ૧૨૫૦.૦૪ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૨૭૧૬.૦૩ | ૪૪૦૫.૯૭ | ૧૦૨૭૮ | ૧૪૧૮.૦૧ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૩૪૯૯.૩૨ | ૫૩૨૩.૭૮ | ૯૯૬૪ | ૧૯૧૯.૪૦ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૩૬૧૩.૯૯ | ૫૨૫૬.૫૩ | ૧૦૬૪૩ | ૨૧૦૧.૯૬ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૩૭૧૪.૬૧ | ૫૬૫૪.૬૦ | ૯૯૬૬ | ૧૯૯૩.૦૬ |

## ગ્રામોધોગની અમલીકૃત યોજનાઓ ::-

- તાલીમના ઉધોગો :-બ્યુટીપાર્લર, પાપડ-વેફર-ફરસાણ, સિવણ-એમ્બ્રોડરી, અગરબત્તી
- ❖ ૩૦ દિવસની ટુંકાગાળાની તાલીમ
- ❖ ગ્રામ્ય વિસ્તારના બી.પી.એલ.લાભાર્થીઓનો સમાવેશ
- ❖ શહેરી વિસ્તારના બી.પી.એલ. લાભાર્થીઓનો સમાવેશ
- ❖ ખાદી ગ્રામોધોગની સંસ્થા,સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા તાલીમ
- ❖ એક વર્ગમાં ૩૦ તાલીમાર્થીઓની મર્યાદામાં સંખ્યા
- ❖ માસિક રૂ.૧૦૦૦/- લેખે શિષ્યવૃતિ, પ્રમાણપત્ર તેમજ જરૂરી સાહિત્ય આપવામાં આવે છે.
- ❖ ટુલકીટ્સ :-તાલીમ પૂર્ણ થયા બાદ ૦ થી ૨૦ સુધીના બી.પી.એલ.સ્કોર ધરાવતા તાલીમાર્થીને રૂ.૫૦૦૦/-ની મર્યાદામાં ટુલકીટ્સ આપવામાં આવે છે.

## ગ્રામોધોગ(પોલીવસ્ત્ર સહિત) ક્ષેત્રે ઉત્પાદન અને વેચાણ રોજી – રોજગારીની છેલ્લા પાંચની વિગત :-

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | ઉત્પાદન રૂ. | વેચાણ રૂ. | રોજગારી સંખ્યા | ચુકવાયેલ રોજગારી રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૭૧૬૮.૯૨ | ૭૩૧૬.૬૨ | ૮૯૦૫ | ૧૩૮૬.૬૪ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૧૯૫૬૧.૧૬ | ૨૧૨૯૮.૨૩ | ૫૭૧૬૫ | ૬૯૬૨.૮૮ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૨૮૮૪૯.૦૮ | ૩૨૭૩૧.૮૦ | ૭૭૯૧૬ | ૧૦૮૯૭.૬૦ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૧૩૭૧૩.૧૭ | ૧૪૩૯૭.૬૨ | ૬૨૬૪૮ | ૨૪૬૧.૬૭ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૬૯૪૮૬.૪૪ | ૮૪૩૭૭.૧૧ | ૧૯૫૮૩૯ | ૨૩૩૮૮.૮૫ |

Schme



# પી.એમ.ઈ.જી.પી. યોજના
## (વડાપ્રધાન રોજગાર વૃધ્ધિ કાર્યક્રમ)
## આ યોજના અંતર્ગત સરકારી સબસીડી સ્તર

| પીએમઈજીપી અંતર્ગત લાભાર્થીની કક્ષા<br>ક્ષેત્ર (પ્રોજેક્ટ/એકમનું સ્થળ) | લાભાર્થી ફાળો<br>(પ્રોજેક્ટ ખર્ચ) | ગ્રામ્ય |
|---|---|---|
| સામાન્ય કક્ષા | ૧૦% | ૨૫% |
| વિશેષ (એસસી/એસટી/ઓબીસી/લઘુમતીઓ/મહિલાઓ/એક્સ-સર્વિસમેન/શારીરિક ખોડખાંપણ ધરાવતા અપંગ, ઉત્તર પૂર્વ ક્ષેત્ર (એન.આર.આઈ.),પર્વતીય/સરહદી ક્ષેત્રો) | ૦૫% | ૩૫ |

## ખાદી અને ગ્રામોધોગ સંસ્થાઓને લગતી તથા અન્ય કામગીરી :-

- ખાદી અને ગ્રામોધોગની સંસ્થા/મંડળીઓને ગ્રામોધોગ પ્રમાણપત્ર આપવું, તેઓની વિના ટેન્ડરની સરકારશ્રીની યાદીમાં ભલામણ કરવી તેમજ નીરાની સંસ્થા અને મંડળીઓને લાયસન્સ માટે નશાબંધી ખાતાને ભલામણ કરવી. <u>(અમલીકરણ :- ગ્રામોધોગ શાખા-વિકાસ અધિકારીશ્રી ધ્વારા)</u>
- ખાદી અને ગ્રામોધોગની સંસ્થા/મંડળીઓને ઈન્કમટેક્ષ મુક્તિ માટે ખાદી ગ્રામોધોગ આયોગને ભલામણ કરવી.<u>(અમલીકરણ :- કાયદા શાખા-વિકાસ અધિકારીશ્રી ધ્વારા)</u>
- કમિશ્નરશ્રી,કુટીર અને ગ્રામોધોગની ક્લસ્ટર વિકાસ યોજના <u>(અમલીકરણ:- ખાદી શાખા-નિયામકશ્રી (ગ્રામોધોગ) ધ્વારા)</u>
- કમિશ્નરશ્રી,કુટીર અને ગ્રામોધોગની કુટીર મંદિર તાલીમ વર્ગની યોજનાનું અમલીકરણ <u>(અમલીકરણ :- ગ્રામોધોગ શાખા-વિકાસ અધિકારીશ્રી ધ્વારા)</u>
- રાજય સરકારશ્રીના પેન્શન નિયમો મુજબ ખાદી બોર્ડના પેન્શનરોને (કુલ આશરે ૨૨૦) પેન્શન/કુટુંબ પેન્શન આપવા અંગે ચકાસણી,મંજૂરી, ચુકવણીની કામગીરી <u>(અમલીકરણ :- હિસાબી શાખા-મુખ્ય હિસાબી અધિકારીશ્રી ધ્વારા)</u>
- ખાદી ગ્રામોધોગની પ્રવૃતિને ઉત્તેજન આપવાના હેતુથી સંસ્થાઓને ખાદી ગ્રામોધોગ આયોગ, મુંબઈની બેન્ક ફાયનાન્સની યોજનાનું અમલીકરણ<u>(અમલીકરણ :- હિસાબી શાખા-મુખ્ય હિસાબી અધિકારીશ્રી ધ્વારા)</u>